**ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ**
**મધ્યસ્થ કચેરી, રાણીપ બસ સ્ટેશન પાસે,**
**રાણીપ, અમદાવાદ.**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (હવે પછીથી નિગમ ધ્વારા ઉલ્લેખ કરવામા આવશે) ધ્વારા નીચે જણાવેલ કક્ષાની સીધી ભરતી **(ફીક્સ પગાર)** ની જગ્યાઓ અન્વયે પસંદગીયાદી / પ્રતીક્ષાયાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર નીચે જણાવેલ સમયગાળા દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે. જેમાં ઉમેદવારે photo ૧૦ KB અને signature ૧૦ KB સાઇઝથી (Photoનું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signatureનું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) વધારે નહિ તે રીતે jpg format માં scan કરી અરજીપત્રકમાં અપલોડ કરવાનો રહેશે.

ઓનલાઈન અરજીપત્રકમાં અરજદારે પોતાનો જ ફોટો તથા સહી અપલોડ કરવાની રહેશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.

અરજી કરવાની વિગતવાર સુચનાઓ / જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ, અનુભવ તેમજ અન્ય લાયકાતનાં બધા જ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. જેથી અરજીમાંની ખોટી વિગતોના કારણે અરજી રદ થવા પાત્ર ઠરે નહિં.

નીચે દર્શાવેલ કક્ષા સંબંધિત તમામ સુચનાઓ નિગમની વેબસાઈટ https://gsrtc.in પર મુકવામાં આવશે જેથી અરજદારે સમયાંતરે નિગમની વેબસાઈટ અચૂક જોવાની રહેશે. અરજી પત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. અવશ્ય દર્શાવવો અને ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરૂરી જે ઉમેદવારના હિતમાં છે.

**કક્ષાનું નામ - ડ્રાયવર**
**ફીકસ પગાર** – પાંચ વર્ષ માટે રૂ.૨૬,૦૦૦/-
**કુલ જગ્યાઓ – ૪૫૯૯**
**ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો:- તા.૦૬/૦૬/૨૦૨૬ થી તા.૦૫/૦૭/૨૦૨૬ (૨૩:૫૯ કલાક સુધી)**
**અરજીપત્રકનીફી સ્વિકારવાનો સમયગાળો:- તા.૦૬/૦૬/૨૦૨૬ થી તા.૦૭/૦૭/૨૦૨૬ (૨૩:૫૯ કલાક સુધી)**

| | કુલ જગ્યા | બિન અનામત | | આર્થિક રીતે નબળો વર્ગ (E.W.S.) | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુ. જાતિ | | અનુ. જન જાતિ | | કુલ જગ્યાઓ પૈકી માજી. સૈનિક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | |
| ફાળવણી | ૪૫૯૯ | ૧૩૮૫ | ૬૮૧ | ૩૨૯ | ૧૬૧ | ૭૧૧ | ૩૫૦ | ૧૮૪ | ૯૦ | ૪૭૫ | ૨૩૩ | ૪૫૯ |

**A. મુખ્ય સુચનાઓ:-**

1) ઉપરોક્ત દર્શાવેલ જાહેરાતમાં જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાનો નિગમને અબાધિત હક્ક રહેશે.
2) જાહેરાતમાં દર્શાવેલ અનામતની જગ્યાઓમાં રોસ્ટર પદ્ધતિ બાબતેની નીતિ અને નિયત ટકાવારી અનુસાર ફેરફાર/ સુધારો કરવાનો નિગમને અબાધિત હક્ક રહેશે.
3) જો ઉમેદવારે આ કક્ષામાં એકથી વધુ અરજીપત્રક ભરેલ હશે તો તેવા ઉમેદવારનું અંતિમ ભરેલ અરજીપત્રક જ વિચારણામાં લેવામાં આવશે અને બાકીના અરજીપત્રકો આપોઆપ રદ થયેલા ગણાશે, જે અંગે ઉમેદવાર કોઇ તકરાર ઉપસ્થિત કરી શકશે નહિ.
4) કોઇપણ ઉમેદવારે એક થી વધુ અરજીપત્રક ભરેલ હોય અને અલગ-અલગ અરજીપત્રકમાં પોતાના નામ / પિતા / પતિના નામ અને અટકમાં સ્પેલીંગમાં મીસ્ટેક કરેલ હશે અથવા એન્ટ્રી કરવામાં સ્પેસ અલગ-અલગ રીતે રાખેલ હશે તેવા સંજોગોમાં એક જ ઉમેદવારને એક થી વધુ અરજીપત્રક સામે એક થી વધુ કોલલેટર મળવા પામશે તેવા સંજોગોમાં ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) લેખિત પરીક્ષા / ડ્રાઇવીંગ ટેસ્ટ સમયે રુબરુ આઇ.ડી. પ્રુફ રજુ કર્યેથી આઇ.ડી.પ્રુફની વિગતો મુજબ સાચી માહિતીવાળા કોલલેટર સામે ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) લેખિત પરીક્ષા / ડ્રાઇવીંગ ટેસ્ટ આપવા પાત્ર થશે. આઇ.ડી. પ્રુફ મુજબ અરજીપત્રકની વિગતોમાં ક્ષતિ / ભુલ હશે તો ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) પરીક્ષા / ડ્રાઇવીંગ ટેસ્ટ આપવા દેવામાં આવશે નહિ.
5) અરજી પત્રક ભરનાર તમામ ઉમેદવારોને ૧૦૦ ગુણની ઓ.એમ.આર. લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

6) ૧૦૦ ગુણની ઓ.એમ.આર.પધ્ધતિથી હેતુલક્ષી લેખિત પરીક્ષામાં ઉપસ્થિત રહેલ ઉમેદવારો પૈકી સૌથી ઉંચુ મેરીટ ધરાવતા ઉમેદવારોને જાહેરાતમાં દર્શાવેલ અનામત / બિનઅનામત જગ્યાઓ ધ્યાને લઈ, ૧:૨ ના રેશિયો મુજબ ડ્રાઈવીંગ ટેસ્ટ માટે બોલાવવામાં આવશે અને આ ટેસ્ટમાં કોઈ કારણોસર જરૂરી ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો પુન: જરૂરીયાત મુજબના ઉમેદવારોને (૧:૨ ના રેશિયો બાદના ક્રમના ઉમેદવારોને) ડ્રાઈવીંગ ટેસ્ટ માટે બોલાવવામાં આવશે. ૧:૨ મુજબ ઉમેદવારોને બોલાવવામાં આવે ત્યારે સરખા ગુણ ધરાવતા તમામ ઉમેદવારોને ડ્રાઈવીંગ ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.

7) ડ્રાઈવીંગ ટેસ્ટમાં પાસ થયેલ ઉમેદવારો પૈકી ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) લેખિત પરીક્ષામાંથી મેળવેલ ગુણ તથા ડ્રાઈવીંગ ટેસ્ટમાં મેળવેલ ગુણ (ઓ.એમ.આર. લેખિત પરીક્ષાના ૪૦% વેઈટેજ અને ઓટોમેટીક ડ્રાઈવીંગ ટેસ્ટના ૬૦% વેઈટેજ) એમ બંને વેઈટેજનો સરવાળો કરી કુલ-૧૦૦% વેઈટેજ મુજબ સૌથી ઉંચુ મેરીટ ધરાવતા ઉમેદવારોની જાહેરાતમાં દર્શાવેલ અનામત / બિનઅનામત જગ્યાઓ ધ્યાને લઈ, મેરિટ યાદી તૈયાર કરવામાં આવશે.

8) આ જાહેરાત અન્વયે પસંદગી પામનાર ઉમેદવારોને નિગમની જરૂરિયાત મુજબ કોઇ પણ વિભાગ / ડેપો ખાતે નિમણૂંક આપવામાં આવશે.

9) નિમણુંક પામેલ ઉમેદવારની બે વર્ષ દરમ્યાનની કામગીરીની સમીક્ષા નોકરીનાં બે વર્ષ પૂર્ણ થયેથી કરવામા આવશે અને જો કામગીરી સંતોષકારક જણાય તો જ બાકીના સમય માટે ચાલુ રાખવામાં આવશે.

10) અરજદાર દ્વારા અનામત કક્ષામાં ફોર્મ ભરેલ હશે પરંતુ તેઓ જનરલ કક્ષાના ઉમેદવાર તરીકે પસંદગી પામેલ હશે તો પણ તેવા ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મમાં દર્શાવેલ જાતિના પ્રમાણપત્રો ઠરાવ મુજબ ખરાઈ કરાવવાના રહેશે. પ્રમાણપત્રો ખરાઈ થયા બાદ જ નિમણુક અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**B.** <u>કક્ષાને લગતી વિગત :-</u>

| | | |
|---|---|---|
| ૧ | **વિઝન** | ચોખ્ખુ વિઝન હોવું જોઈએ અને રંગ અંધત્વતા ધરાવતા ન હોવા જોઈએ. |
| ૨ | **વયમર્યાદા** | ૨૫ થી ૩૫ વર્ષ<br>(અનામત વર્ગના ઉમેદવારને ઉપલી વય મર્યાદામાં સરકારશ્રીના નીતિ નિયમો મુજબ પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર રહેશે.) |
| ૩ | **લઘુત્તમ શૈક્ષણિક લાયકાત** | ધોરણ – ૧૨ પાસ (૧૦+૨) |
| ૪ | **ઉંચાઇ** | પુરૂષ ઉમેદવારો માટે - ઓછામાં ઓછી ૧૬૨ સે.મી.<br>(અનુ. જનજાતિના કિસ્સામાં ૧૬૦ સે.મી.) |
| | | મહિલા ઉમેદવારો માટે - ઓછામાં ઓછી ૧૫૮ સે.મી. |
| ૫ | **લાયસન્સ** | <u>પુરૂષ ઉમેદવારો માટે -</u> પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી તરફથી પબ્લીક વાહન ચલાવવાનું હેવી લાયસન્સ તથા બેઝ હોવો જરૂરી છે તથા હેવી ડ્રાઈવીંગ લાયસન્સ ઓછામાં ઓછું ૪ વર્ષ જુનું હોવું જરૂરી છે. બ્રેક નો સમય અનુભવની ગણતરીમાં ધ્યાને લેવામાં આવશે નહિ તથા હેવી લાયસન્સ પછીનો ડીઝલ સહિતના ભારે વાહન ચલાવવાનો ઓછામાં ઓછો ચાર વર્ષના અનુભવનું ટ્રાન્સપોર્ટસ / કંપનીનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ.<br><u>મહિલા ઉમેદવારો માટે -</u> પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી તરફથી પબ્લીક વાહન ચલાવવાનું હેવી લાયસન્સ તથા બેઝ હોવો જરૂરી છે તથા અરજી રજુ કરતી વખતે ધરાવતા હોવા જોઈએ.<br>હેવી વાહન ચલાવવાનો અનુભવ ધરાવનાર મહિલા ઉમેદવારોને અગ્રિમતા આપવામાં આવશે.<br>હેવી વાહન ચલાવવાનો અનુભવ ન હોય તેવા કિસ્સામાં નિગમના ઓટોમેટિક ડ્રાયવીંગ ટેસ્ટ સેન્ટર ખાતે બે માસની તાલીમ સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ જ બસ ચલાવવા માટે નિમણુક અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

- **<u>તોલમાપ વિભાગ ધ્વારા પ્રમાણિત કરેલ નિગમનાં અધિકૃત થયેલ ઉંચાઈ મશીન ધ્વારા જ ઉંચાઇ માપવામાં આવશે અને તે જ ઉંચાઇ માન્ય ગણાશે. તે સિવાય ઉંચાઇ માટેના અન્ય કોઇ પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિં તથા ઉંચાઈ માપન વખતે ઉમેદવારનાં માથા પર કોઈપણ વસ્તુ કે પદાર્થ માથા પર હશે તો તે દુર કર્યા બાદ ખુલ્લા પગે જ ઉંચાઈ માપન કરવામાં આવશે. ઉચાઇ બાબતે લેવાયેલ નિગમનો નિર્ણય ઉમેદવારને બધનકર્તા રહેશે. જો ઉમેદવાર આવી વસ્તુ કે પદાર્થ દુર કરવાની ના પાડશે તો ઉંચાઈ માપન કર્યા વિના જ ઉમેદવારનું અરજીપત્રક રદ કરવામાં આવશે.</u>**

**C.** **ભરતીની પ્રક્રીયા (વેઈટેજની ગણતરી) :- (૧૦૦ ગુણમાંથી ફાળવણી)**

| અ.નં. | વિગત | વેઈટેજ |
|---|---|---|
| 1 | ૧૦૦ ગુણની ઓ.એમ.આર. લેખિત પરીક્ષા<br>(પાસ થવા માટે લધુત્તમ કોઈ ગુણ ધ્યાને લેવાના રહેશે નહી.) | ૪૦% વેઈટેજ |
| 2 | ૫૦ ગુણનો ડ્રાઈવીંગ ટેસ્ટ<br>(તમામ ઉમેદવારોએ પાસ થવા માટે લધુત્તમ ૩૫ ગુણ મેળવવાના રહેશે.) | ૬૦% વેઈટેજ |
| | કુલ | ૧૦૦% વેઈટેજ |

**D.** **O.M.R. પદ્ધતિથી સ્પર્ધાત્મક હેતુલક્ષી લેખિત કસોટી :-**

**O.M.R પદ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત કસોટીનો ગુણભાર નીચે મુજબ છે.** **૧૦૦ ગુણ**

**સમય:-૧:૦૦ કલાક**

| | | |
|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન (ગુજરાતી માધ્યમમાં) (ધો.૧૨ કક્ષા સુધીનું) | ૩૦ ગુણ |
| ૨ | રોડ સેફ્ટી અને ઓટો મીકેનીક (ગુજરાતી માધ્યમમાં) | ૨૦ ગુણ |
| ૩ | ગુજરાતી ભાષા અને વ્યાકરણ (ગુજરાતી માધ્યમમાં) (ધો.૧૨ કક્ષા સુધીનું) | ૨૦ ગુણ |
| ૪ | અંગ્રેજી ભાષા અને વ્યાકરણ (અંગ્રેજી માધ્યમમાં) (ધો.૧૨ કક્ષા સુધીનું) | ૧૦ ગુણ |
| ૫ | અંકગણિત (ગુજરાતી માધ્યમમાં) (ધો.૧૦ કક્ષા સુધીનું) | ૨૦ ગુણ |
| | કુલ | **૧૦૦ ગુણ** |

1) જાહેરાતમાં જણાવ્યા મુજબના સીલેબસ પ્રમાણે ૧૦૦ ગુણની, ૧૦૦ પ્રશ્નોની O.M.R. પદ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત કસોટી લેવામાં આવશે અને તેનો સમય ૧:૦૦ કલાકનો રહેશે. આ કસોટીમાં પાસ થવા માટે લધુત્તમ કોઈ ગુણ ધ્યાને લેવાના રહેશે નહી પરંતુ O.M.R. પદ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ૦ (શૂન્ય) કે તેથી ઓછા ગુણ ધરાવતા ઉમેદવારોને ડ્રાયવીંગ ટેસ્ટમાં બોલાવવા માટે પાત્ર ગણાશે નહિ.
2) સદર પરીક્ષાના પ્રશ્નપત્રમાં અભ્યાસક્રમનું ધોરણ અને વિષય વસ્તુ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ધોરણ- ૧૨ ની કક્ષાના સામાન્ય જ્ઞાન અને લધુત્તમ શૈક્ષણિક લાયકાતના વિષયોને અનુરૂપ પ્રશ્નોવાળુ પ્રશ્નપત્ર (O.M.R.) રહેશે.
3) પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી વ્યાકરણ સિવાય ગુજરાતીમાં રહેશે.
4) ૧૦૦ ગુણનું એક પ્રશ્નપત્ર રહેશે અને દરેક પ્રશ્નનો ૦૧(એક) ગુણ રહેશે.
5) O.M.R પદ્ધતિથી ઉત્તરવહીના મુલ્યાંકન માટે સાચા-ખોટા જવાબ, એક કરતા વધુ વિકલ્પો દર્શાવેલ જવાબ, છેકછાક તથા છોડી દીધેલ જવાબોને ધ્યાનમાં લેવામાં આવશે. ખોટા, છેકછાકવાળા, એકથી વધુ વિકલ્પ દર્શાવેલ તથા છોડી દીધેલ જવાબનાં ગુણનું મુલ્યાંકન માઈનસ પદ્ધતિથી કરવામાં આવશે. પ્રત્યેક ખોટા જવાબ, ખાલી છોડેલ જવાબ, છેકછાક, એક કરતા વધુ વિકલ્પ માટે પ્રત્યેક જવાબદીઠ ૦.૨૫ ગુણ માઈનસ કાપવામાં આવશે,પરંતુ જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને O.M.R ઉત્તરપત્રમાં વિકલ્પ (E) ડાર્ક કરશે તો તેના માઈનસ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે નહી.
6) દરેક ઉમેદવારે પોતાની ઓળખ માટે માન્ય ફોટો આઈ.ડી.પ્રુફ જેવા કે (ઈલેકશન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, આધાર કાર્ડ, સરકારશ્રી ધ્વારા અધિકૃત કરાયેલ ઓળખકાર્ડ વગેરે પૈકી કોઈ એક) સાથે લઈને કોલલેટરમાં દર્શાવેલ રીપોર્ટીંગ સ્થળે / તારીખે / સમયે અચુક હાજર થવાનું રહેશે અને રજીસ્ટ્રેશન અંગેની જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.
7) જો કોઈ મહિલા ઉમેદવારે લગ્ન પછી અરજી પત્રકમાં પિતાના નામની જગ્યાએ પતિનું નામ દર્શાવેલ હશે તો લગ્ન કર્યા અંગેનું પ્રમાણપત્ર / સોગંદનામું (નોટરી કરાવી) / ગેઝેટ સાથે લાવવાનું રહેશે અને તે પુરાવો પરીક્ષકને / દસ્તાવેજ ચકાસણી સમયે રજુ કરવાનો રહેશે.
8) અસલ કોલલેટર ઉમેદવારે પરીક્ષાના સ્થળે સાથે લાવવાનો રહેશે અને પરીક્ષકને / દસ્તાવેજ ચકાસણી સમયે રજુ કરવાનો રહેશે.
9) O.M.R. ઉત્તરવહીમાં પોતાની ઓળખસૂચક માટે **કોઈપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ ચિહ્ન કે જેનાથી ઓળખ** પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરનાર ઉમેદવારને આ પરીક્ષા માટે ગેરલાયક ઠેરવવામાં આવશે.
10) ઉમેદવારોએ પરીક્ષાખંડમાં / હોલમાં કોલલેટર સિવાય કોઈપણ પ્રકારના હસ્તલિખિત, છાપેલા પુસ્તક કે કાગળની ચિઠ્ઠી, કેલ્ક્યુલેટર, મોબાઈલ ફોન, સેલફોન, સ્માર્ટ વોચ, ઇયર ફોન, બડ્સ કે કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનીક સાધનો લઈ જવાના કે ઉપયોગ કરવાની મનાઈ છે, તેમ છતાં કોઈ ઉમેદવાર આવી વસ્તુ સાથે રાખશે અથવા ઉપયોગ કરતા માલુમ પડશે તો તેવા ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.
11) ઉમેદવારે પરીક્ષાની ઉત્તરવહીમાં જવાબ માર્ક કરવા **ભૂરી કે કાળી બોલપેનનો જ ઉપયોગ કરવાનો રહેશે.**

**E. <u>પગાર ધોરણ</u>:-**

પસંદગી પામનાર ઉમેદવારોને **<u>ડ્રાયવર</u>** કક્ષામાં પાંચ વર્ષ માટે માસિક રૂ.૨૬,૦૦૦/- ફીકસ પગારથી કરાર આધારીત નિમણુંક અપાશે. તેઓને નિયમાનુસાર મળવાપાત્ર ભથ્થા કે લાભો સિવાયના કોઇપણ ભથ્થા કે લાભ મળવાપાત્ર રહેશે નહી. ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે પુરી થયેથી ડ્રાયવર કક્ષાનો નિગમમાં પ્રવર્તમાન જે મુળ પગાર અમલમાં હોય તે મુળ પગારમાં નિયમિત નિમણુંક મેળવવા પાત્ર થશે.

**F. <u>વય મર્યાદા:</u>**

ઓછામાં ઓછી ૨૫ વર્ષ તથા વધુમાં વધુ તમામ પ્રકારની છુટછાટ સહીત નીચે દર્શાવ્યા મુજબની રહેશે.

| અ.નં | વર્ગ | પુરૂષ (વધુ માં વધુ ઉંમર) | મહિલા (વધુ માં વધુ ઉંમર) |
|---|---|---|---|
| ૧. | બિન અનામત | ૩૫ વર્ષ | ૪૦ વર્ષ |
| ૨. | અનામત | ૪૦ વર્ષ | ૪૫ વર્ષ |
| ૩. | માજી સૈનિક | ૪૫ વર્ષ | ૪૫ વર્ષ |

- **<u>૨૫ થી ૩૫ વર્ષ (જન્મ તારીખ:- તા.૦૫/૦૭/૧૯૯૧ થી તા.૦૫/૦૭/૨૦૦૧)</u>**

1) તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા (ઉંમર) માટે અરજી કરવાની છેલ્લી તારીખ ધ્યાનમાં લેવામાં આવશે.
2) **<u>આ જાહેરાતમાં દર્શાવેલ ઉંમર કરતાં વધારે ઉંમરવાળા ઉમેદવારે ફોર્મ ભર્યુ હશે અને ટેકનીકલ કારણોસર તે ફોર્મ ભરાઈ ગયુ હશે તો તે ફોર્મ આપોઆપ રદ ગણાશે અને આ બાબતે ઉમેદવારને કોઈ જાણ કરવામાં આવશે નહિ.</u>**
3) સામાન્ય મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
4) તમામ અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
5) તમામ અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
6) માજી સૈનિક ઉમેદવારોને આ જાહેરાતમાં દર્શાવેલ માજી સૈનિકની સૂચનાઓ મુજબ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે.
7) તમામ કેટેગરીના ઉમેદવારોને મહત્તમ વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

**G. <u>નાગરિકત્વ:-</u>**

ઉમેદવાર, (ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન અથવા (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા (ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ, અથવા (ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ), (ગ), (ઘ), અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

**<u>નોંધ:-</u> જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક નિગમ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો નિગમ તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.**

**H. <u>જન્મ તારીખ:-</u>**

1. નિગમમાં જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી બોર્ડ ધ્વારા અપાયેલ એસ.એસ.સી.ઈ. નું પ્રમાણપત્ર માન્ય રહેશે અથવા ઉમેદવાર પાસે એસ.એસ.સી.ઈ. નું પ્રમાણપત્ર ઉપલબ્ધ ન હોય તો તેવા કિસ્સામાં શાળા છોડયાનું પ્રમાણપત્ર માન્ય રહેશે. (જન્મ તારીખનો દાખલો માન્ય ગણાશે નહીં.)
2. એસ.એસ.સી.ઈ. અથવા શાળા છોડયાના પ્રમાણપત્ર અને ડ્રાઈવીંગ લાયસન્સમાં જન્મ તારીખ એક સરખી જ હોવી જોઈએ.
3. એસ.એસ.સી.ઈ. ના પ્રમાણપત્ર અથવા શાળા છોડયાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ મુજબ ઉંમરની ગણતરી ધ્યાને લેવામાં આવશે.
4. ઓનલાઈન અરજી પત્રકમાં જન્મ તારીખ એસ.એસ.સી.ઈ. ના પ્રમાણપત્ર અથવા શાળા છોડયાના પ્રમાણપત્ર મુજબ દર્શાવવાની રહેશે, અન્યથા અરજીપત્રક રદ થશે. ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ જન્મ તારીખ આખરી ગણાશે, આ બાબતે પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

**I. શૈક્ષણિક લાયકાત:-**

1. ધો.૧૨ પાસની માર્કશીટ, વય, જાતિ, કોમ્પ્યુટરનું પ્રમાણપત્ર, ડ્રાઈવીંગ લાઈસન્સ, બેઝ, અનુભવ સર્ટીફીકેટ વગેરેના પ્રમાણપત્ર / માર્કશીટ અરજી કરવાની છેલ્લી તારીખ ધ્યાનમાં લેવામાં આવશે. ત્યારબાદના પ્રમાણપત્રો હશે તો તે ગ્રાહ્ય રાખવામાં આવશે નહી અને અરજીપત્રક રદ કરવામાં આવશે.
2. સમકક્ષ લાયકાતના સંદર્ભમાં યોગ્ય સમકક્ષ લાયકાત ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખે ધરાવતા નહી હોય તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
3. ધોરણ ૧૨ પાસની માર્કશીટ ગુ.મા. અને ઉચ્ચ.મા.શિ.બોર્ડ તથા અન્ય સમકક્ષ બોર્ડનું માન્ય રહેશે.
4. ડીપ્લોમાના કિસ્સામાં (ધોરણ-૧૦ પછી ડીપ્લોમા કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં ૧૦+૩ કે તેથી વધુ વર્ષનો કોર્ષ) અલગથી કરેલ જ કોર્ષ માન્ય ગણવામાં આવશે.
5. ધોરણ-૧૨ પાસ કામચલાઉ ધોરણે માન્ય રાખવા માટે ઉમેદવારનો હક્કદાવો સ્વીકારવામાં આવશે નહીં.
6. ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૫/૨૦૧૨ ના ઠરાવ મુજબ જે ઉમેદવારોએ ધો.૧૦ પાસ કર્યા પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઇ.ટી.આઇ.) નો બે વર્ષનો અથવા તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્ષ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (એન.સી.વી.ટી.) ની પરીક્ષા પાસ કરેલ હોય અને તેઓએ જો પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૨ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધો.૧૨ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવાના ગણવામાં આવશે. શિક્ષણ બોર્ડનું સમકક્ષતાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
7. જે ઉમેદવારોએ ધો.૧૦ પછી પોલીટેકનીકમાં ૩ વર્ષનો ડીપ્લોમા કોર્ષ કરેલ હોય તો તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધો.૧૨ની લાયકાત ધરાવતા હોવાના ગણવામાં આવશે. શિક્ષણ બોર્ડનું સમકક્ષતાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
8. ધોરણ-૧૨ માટે ઉપરોક્ત દર્શાવેલ અ.ન.(૬) અને (૭) સિવાયની અન્ય કોઇપણ સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવામાં આવશે નહીં.
9. ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ નામ, એસ.એસ.સી.ઈ.નું પ્રમાણપત્ર અથવા શાળા છોડયાના પ્રમાણપત્ર, લાયકાતના પ્રમાણપત્રો તથા અન્ય દસ્તાવેજી પુરાવા મુજબના પોતાના નામ અને અટકમાં જો સ્પેલીંગ મિસ્ટેક હશે તો એફીડેવીટ રજુ કરવાનું રહેશે અને જો નામ કે અટકમાં ફેરફાર કરેલ હોય તો તે સુધારા અંગે અરજી કરવાની છેલ્લી તારીખ પહેલાની સરકારી ગેઝેટની નકલ દસ્તાવેજ ચકાસણી સમયે રજુ કરવાની રહેશે અન્યથા અરજી પત્રક રદ કરવામાં આવશે.
10. ધોરણ ૧૨ ની પરીક્ષા જો ખાનગી ઉમેદવાર તરીકે પાસ કરેલ હોય તો જે સ્કૂલમાંથી પરીક્ષા પાસ કરેલ હોય તે સ્કૂલનું ખાનગી ઉમેદવાર તરીકે પરીક્ષા પાસ કરેલ છે તેવુ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
11. ઉમેદવાર નિગમના નીતિનિયમ મુજબ ગુજરાત સરકારશ્રીના સા.વ.વિ.ના ઠરાવ નંબર સી.આર.આર. ૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫ તા.૧૩/૦૮/૨૦૦૮ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનુ બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનુ તાલીમી સંસ્થાનુ પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનીવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડીપ્લોમા / ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. ઉમેદવારે સદર ઠરાવ મુજબના આવા પ્રમાણપત્રો / માર્કશીટ (અરજી કરવાની છેલ્લી તારીખ પહેલાના) પસંદગી પૂર્વે અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાના રહેશે જો રજુ નહી કરે તો તેઓનું અરજીપત્રક રદ કરવામાં આવશે.
12. ઉમેદવાર દ્વારા અભ્યાસ અંગેના આંતરરાજ્ય (આઉટ સ્ટેટ) ની માર્કશીટ / પ્રમાણપત્ર / દસ્તાવેજ રજુ કર્યેથી તેની સતોષકારક ખરાઈ થયા બાદ જ નિમણુંક અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ખોટી માર્કશીટ / પ્રમાણપત્ર / દસ્તાવેજ ધરાવતા ઉમેદવારોનું અરજીપત્રક રદ કરવામાં આવશે અને તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવા નિગમ પાસે અબાધિત હકક રહેશે.

**J. અનુભવ:-**

1. આર.ટી.ઓ. કચેરી તરફથી હેવી લાયસન્સ એટલે કે એચ.જી.વી. / એચ.પી.વી. / પી.એસ.વી. લાયસન્સ ઇસ્યુ થયા તારીખ પછીનો અનુભવ માન્ય રહેશે.
2. ઉમેદવાર ઓનલાઈન અરજી કર્યા તારીખ / સમયે **P.S.V.** બેજ ધરાવતા હોવા જોઈએ. જો ઓનલાઈન અરજી કર્યા બાદ **P.S.V.** બેજ મેળવેલ હશે તો તે માન્ય રહેશે નહી તેમજ અરજીપત્રક રદ ગણવામાં આવશે.
3. ઉમેદવાર જો **હેવી બસ કે ટ્રાવેલ્સ** ચલાવવાનો અનુભવ ધરાવતા હોય તો ઓનલાઈન અરજીપત્રકમાં **P.S.V.** થયા તારીખથી અનુભવ દર્શાવવાનો રહેશે. આ કિસ્સામાં **P.S.V.**થયા પહેલાનો અનુભવ માન્ય રહેશે નહિ. દા.ત.**P.S.V**

તા.૦૧/૦૧/૨૦૧૧ નાં રોજ થયેલું હોય તો તે પહેલાનો અનુભવ માન્ય રહેશે નહિ તેમજ જો ઉમેદવારે ૦૨/૦૧/૨૦૧૧ થી અનુભવ દર્શાવ્યું હોય તો ૦૨/૦૧/૨૦૧૧ થી જ માન્ય રહેશે.

4. ઉમેદવાર જો **<u>હેવી ટ્રક</u>** ચલાવવાનો અનુભવ ધરાવતા હોય તો ઓનલાઈન અરજીપત્રકમાં **<u>TRANS</u>** થયા તારીખથી અનુભવ દર્શાવવાનો રહેશે. આ કિસ્સામાં **<u>TRANS</u>** થયા પહેલાનો અનુભવ માન્ય રહેશે નહિ. દા.ત. **<u>TRANS</u>** તા.૦૧/૦૧/૨૦૧૧ નાં રોજ થયેલું હોય તો તે પહેલાનો અનુભવ માન્ય રહેશે નહિ તેમજ જો ઉમેદવારે ૦૨/૦૧/૨૦૧૧ થી અનુભવ દર્શાવ્યું હોય તો ૦૨/૦૧/૨૦૧૧ થી જ માન્ય રહેશે.
5. ઓનલાઈન અરજીપત્રકમાં જે ટ્રાન્સપોર્ટસ / કંપની / ટ્રાવેલ્સ / સંસ્થા / પેઢીનો અનુભવ જેટલા સમયગાળાનો અનુભવ દર્શાવેલ હશે તે જ ટ્રાન્સપોર્ટ / ટ્રાવેલ્સ / સંસ્થા / પેઢીનો તેટલા જ સમયગાળાનો (ઓછામાં ઓછો ૪ વર્ષનો) અનુભવનું પ્રમાણપત્ર ડ્રાઈવીંગ ટેસ્ટના સમયે રજુ કરવાનું રહેશે.
6. ટ્રાન્સપોર્ટસ / કંપની ટ્રાવેલ્સ / સંસ્થા / પેઢીના પ્રમાણપત્રમાં માલીકની સહી અને સિક્કો અનિવાર્ય છે, જો નહી હોય તો તે પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં તથા ઉમેદવારી રદ કરવામાં આવશે.
7. **<u>૧૦૮ ની એમ્બ્યુલન્સનો અનુભવ હેવી વ્હીકલ ન હોવાના કારણે માન્ય રહેશે નહી.</u>**
8. ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ અનુભવ હેવી વ્હીકલનો ડ્રાયવર તરીકેનો હોવો જોઈશે.
9. ઉમેદવાર પાસે માત્ર હેવી પેસેન્જર વ્હીકલ / પેસેન્જર વ્હીકલનું લાયસન્સ જે તે સમયગાળા પુરતુ હોય તો તેઓએ હેવી પેસેન્જર વ્હીકલ ચલાવ્યા અંગેનું કે તે સમયગાળાનું અનુભવના પ્રમાણપત્રમાં સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.
10. ઉમેદવાર દ્વારા અદ્યતન સ્માર્ટકાર્ડ ડ્રાઈવીંગ લાયસન્સની વિગતો રજુ કરવાની રહેશે. દસ્તાવેજ ચકાસણી સમયે મેન્યુઅલ /ચોપડીવાળું લાયસન્સ માન્ય રાખવામાં આવશે નહીં અને જો રજુ કરવામાં આવશે તો તેની સબંધિત કચેરી ખાતે ખરાઈ થયા બાદ જ નિમણુંકની આગળની કાર્યવાહી કરવામાં આવશે અન્યથા મેન્યુઅલ /ચોપડીવાળું લાયસન્સ બોગસ / ખોટું માલુમ પડયેથી અરજીપત્રક રદ કરવામાં આવશે અને તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવા નિગમ પાસે અબાધિત હકક રહેશે.
11. જે ઉમેદવારો પાસે લાયસન્સ બેઝ નંબર હોય તેવા ઉમેદાવારોએ ઓનલાઈન અરજી પત્રકમાં બેઝ નંબર દર્શાવવાનો રહેશે અને આર.ટી.ઓ. કચેરી ધ્વારા જે ઉમેદવારોને બેઝ નંબર આપેલ ન હોય તેવા ઉમેદાવારોએ ઓનલાઈન અરજી પત્રકમાં બેઝ નંબર ૦ (શૂન્ય) દર્શાવવાનો રહેશે.

K. **<u>અનામતનો લાભ</u>** :-

1. અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે પરંતુ તેમને પસંદગી માટેના ધોરણો બિન અનામત કક્ષાના લાગુ પડશે.
2. મૂળ ગુજરાતના વસાહતી તેવા અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / આર્થિક રીતે નબળા વર્ગ / સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અરજદારોને જ અનામત વર્ગના અરજદાર તરીકે લાભ મળશે.
3. ઉમેદવારે અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.
4. જાતિના પ્રમાણપત્ર મુજબની જાતિ ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ ના હોય અથવા ખોટી / જુદી દર્શાવેલ હોય અથવા અરજી કર્યા પછીનું જાતિનું પ્રમાણપત્ર હોય તો તેવા કિસ્સામાં તેવા ઉમેદવારને જો તે ઉમેદવાર જનરલ કેટેગરીની પાત્રતા ધરાવતો હશે. તો પણ જનરલ કેટેગરીનો લાભ આપવામાં આવશે નહિ અને અરજીપત્રક રદ કરવામાં આવશે. અરજીપત્રકમાં દર્શાવેલ જાતિ અંગેના પ્રમાણપત્રોને જ માન્ય રાખવામાં આવશે. અરજીપત્રક ભર્યા બાદ રજુ કરેલ કોઈપણ આધાર પુરાવાને ધ્યાને લેવામાં આવશે નહીં તથા ઉમેરો કે સુધારો કરવામાં આવશે નહીં.
5. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, આર્થિક રીતે નબળા વર્ગ તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કિસ્સામાં નિયત કરેલ સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર હશે તો જ અનામત વર્ગનો લાભ આપવામાં આવશે.
6. સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.
7. જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તો તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.
8. **<u>સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો:</u>**

(A) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અરજદારોએ નાણાકીય વર્ષ -2023-24 / 2024-25 / 2025-26 ની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : સશપ/૧૪૯૪/૯૫૯/અ, તા.૬/૨/૧૯૯૬, ઠરાવ ક્રમાંક : સશપ/૧૧૦૯-

૧૬૬૩-અ, તા.૨૭/૪/૨૦૧૦ તથા ઠરાવ ક્રમાંક : સશપ/૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/અ, તા.૨૬/૪/૨૦૧૬ ની જોગવાઈઓ મુજબ નિયત કરેલ પરિશિષ્ટ '૪' મુજબ ગુજરાતી નમુનામાં નોન-ક્રિમીલેયર સર્ટિફિકેટ તા.૦૧/૦૪/૨૦૨૪ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૦૫/૦૭/૨૦૨૬ સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અન્યથા તેઓનું અરજીપત્રક રદ કરવામાં આવશે.

(B) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ, તા.૧૮/૦૮/૨૦૧૭ ની જોગવાઈઓને ધ્યાને લેતા ઉક્ત 8 (A) માં દર્શાવેલ પરિશિષ્ટ-૪ મુજબના પ્રમાણપત્રના વિકલ્પે ઉમેદવારે તા.૦૧/૦૪/૨૦૨૬ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૦૫/૦૭/૨૦૨૬ દરમિયાનમાં કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ Annexure-A (અંગ્રેજીમાં) મુજબના નમૂનામાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે અન્યથા તેઓનું અરજીપત્રક રદ કરવામાં આવશે.

(C) ઉક્ત 8 (A) અથવા 8 (B) મુજબનું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓનું અરજીપત્રક રદ કરવામાં આવશે.

(D) પરિણીત મહિલા અરજદારોએ ઉક્ત 8 (A) અને 8 (B) માં દર્શાવેલ સુચના મુજબ નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ (પરિશિષ્ટ '૪' મુજબ ગુજરાતીમાં અથવા Annexure-A મુજબ અંગ્રેજીમાં) તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો પરિણીત મહિલા અરજદારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેમને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહિ અને તેઓનું અરજીપત્રક રદ કરવામાં આવશે.

(E) ઉમેદવારે ઉક્ત 8 (A) અથવા 8 (B) મુજબ મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને ઈશ્યુ તારીખ ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવવાના રહેશે. ઉમેદવારે ઓનલાઈન અરજી કરતા સમયે જે નોન- ક્રિમીલેયર સર્ટીફીકેટની વિગતો દર્શાવેલ હોય તે જ પ્રમાણપત્ર દસ્તાવેજ ચકાસણી સમયે અસલમાં રજુ કરવાનું રહેશે. દસ્તાવેજ ચકાસણી સમયે ઉમેદવાર અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ બાદનું પ્રમાણપત્ર રજુ કરશે તો તેઓનું અરજીપત્રક રદ કરવામાં આવશે.

**9. આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટે :**

(A) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૨૫/૦૧/૨૦૧૯ અને તા.૧૩/૦૯/૨૦૧૯ થી નિયત કરેલ નમુના (અંગ્રેજીમાં Annexure-KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) મુજબ તા.૦૬/૦૭/૨૦૨૩ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૦૫/૦૭/૨૦૨૬ સુધીમાં મેળવેલ પ્રમાણપત્રના નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે અને અન્યથા તેઓનું અરજીપત્રક રદ કરવામાં આવશે.

(B) ઉક્ત 9 (A) માં જણાવેલ પ્રમાણપત્રના વિકલ્પે આર્થિક રીતે નબળા વર્ગ (EWS) ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ની આવકના આધારે તા.૦૧/૦૪/૨૦૨૬ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૦૫/૦૭/૨૦૨૬ સુધીમાં ભારત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે Income and Asset Certificate મેળવેલ હોય તે જ પ્રમાણપત્ર દસ્તાવેજ ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે અન્યથા તેઓનું અરજીપત્રક રદ કરવામાં આવશે.

(C) ઉક્ત 9 (A) અથવા 9 (B) મુજબનું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો જ આર્થિક રીતે નબળા વર્ગ (EWS) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓનું અરજીપત્રક રદ કરવામાં આવશે.

**L. અનુસુચિત જનજાતિ પ્રમાણપત્રની ખરાઈ સંદર્ભે રજૂ કરવાનાં પુરાવાઓ:-**

અનુ.જનજાતિના ઉમેદવારોને નિમણૂંક આપતા પહેલા જાતિનાં સબંધમાં ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગના ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૦૨૦૧૮-૨૬૧૨૩૯-ગ.૨, તા.૨૨/૧૦/૨૦૧૮ માં કરેલ જોગવાઈ તેમજ તે અન્વયે સમયાંતરે થયેલ સુધારા અનુસાર અનુ.જનજાતિના ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની ખરાઈ / ચકાસણી આદિજાતિ વિભાગ હેઠળની વિશ્લેષણ સમિતિ / સક્ષમ સત્તાધિકારી ધ્વારા ખરાઈ / ચકાસણી કરવાની રહે છે. આથી કમિશ્નરશ્રી, આદિજાતિ ધ્વારા પ્રમાણપત્રની ખરાઈ સંદર્ભે ઉપરોક્ત ઠરાવમાં દર્શાવેલ પુરાવાઓ રજુ કરવાના રહેશે. કમિશ્નરશ્રી, આદિજાતિ જે ઉમેદવારને અનુ.જનજાતિના ઉમેદવાર તરીકે માન્યતા આપશે તે જ ઉમેદવારને અનુ.જનજાતિ તરીકે અનામતનો લાભ મળવાપાત્ર થશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.

**M. અનુસુચિત જાતિ પ્રમાણપત્રની ખરાઈ સંદર્ભે રજૂ કરવાનાં પુરાવાઓ:-**

અનુસુચિત જાતિના ઉમેદવારોને નિમણૂંક આપતા પહેલા જાતિના સબંધમાં ગુજરાત સરકારશ્રીના સામાજિક, ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : અજપ/૧૫૨૦૨૩/૫૪૨૭૨/હ, તા.૧૩/૦૯/૨૦૨૩ માં કરેલ જોગવાઈ તેમજ તે અન્વયે સમયાંતરે થયેલ સુધારા અનુસાર અનુ.જાતિના ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની ખરાઈ / ચકાસણી નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ વિભાગની કચેરી / સક્ષમ સત્તાધિકારી ધ્વારા કરવાની રહે

છે. આથી નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ વિભાગની કચેરી / સક્ષમ સત્તાધિકારી ધ્વારા પ્રમાણપત્રની ખરાઈ / ચકાસણી સંદર્ભે ઉપરોક્ત પરિપત્રમાં દર્શાવેલ પુરાવાઓ રજુ કરવાના રહેશે. નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ વિભાગની કચેરી જે ઉમેદવારને અનુ.જાતિના ઉમેદવાર તરીકે માન્યતા આપશે તે જ ઉમેદવારને અનુ.જાતિ તરીકે અનામતનો લાભ મળવાપાત્ર થશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.

**N. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રની ખરાઈ સંદર્ભે રજૂ કરવાનાં પુરાવાઓ:-**

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને નિમણૂંક આપતા પહેલા જાતિના સબંધમાં ગુજરાત સરકારશ્રીના સામાજિક, ન્યાય અને અધિકારીતા વિભાગના પરિપત્ર ક્રમાંકઃ સશપ/૧૨૨૦૨૨/૮૬૩૫/અ, તા.૦૭/૦૬/૨૦૨૪ માં કરેલ જોગવાઈ તેમજ તે અન્વયે સમયાંતરે થયેલ સુધારા અનુસાર સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની ખરાઈ / ચકાસણી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી / સક્ષમ સત્તાધિકારી ધ્વારા કરવાની રહે છે. આથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી ધ્વારા પ્રમાણપત્રની ખરાઈ / ચકાસણી સંદર્ભે ઉપરોક્ત પરિપત્રમાં દર્શાવેલ પુરાવાઓ રજુ કરવાના રહેશે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી જે ઉમેદવારને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે માન્યતા આપશે તે જ ઉમેદવારને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે અનામતનો લાભ મળવાપાત્ર થશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.

**O. માજી સૈનિક:-**

1. માજી સૈનિક ઉમેદવારે ડીસ્ચાર્જ બુક, ઓળખ કાર્ડ / પ્રમાણપત્ર વિગેરેની નકલ રજુ કરવાની રહેશે અન્યથા અરજી પત્રક રદ કરવામાં આવશે.
2. માજી સૈનિક ઉમેદવારે હેવી ટ્રક ડ્રાયવર/ બસ ડ્રાયવર તરીકે જેટલો અનુભવ દર્શાવેલ હશે તેટલા સમયનું અનુભવનું પ્રમાણપત્ર (જળ, વાયુ અને આર્મ ફોર્સીસમાંથી) લાવવાનો રહેશે.
3. માજી સૈનિકનાં ક્વોટામાં પસંદગી પામેલ ઉમેદવારે હેવી લાયસન્સમાં ગુજરાત R.T.O.માંથી પ્રતિદસ્તખત કરાવવાનાં રહેશે તથા R.T.O. નુ હેવી વ્હીકલનું સીવીલીયન લાયસન્સ ધરાવતા હોવા જોઈએ અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.
4. માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ નૌકાદળ / હવાઈદળ / ભૂમિદળની ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડીસ્ચાર્જ બુક ધરાવતા હોય તો સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક : GS/2018-(2)-RES-1085/3433/ G-2 ની જોગવાઈ મુજબ ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલી ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ (૩) વર્ષ સુધીની છૂટછાટ મળશે પરંતુ કોઇપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતા ઉંમર વધવી જોઈએ નહી.
5. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/૦૧/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક : GAD/ERE/e-file/1/2023/5258/G-2 થી ઠરાવ્યા મુજબ સીધી ભરતીની જાહેરાતમાં ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત થનાર હોય, તેવા માજી સૈનિક ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ ઉમેદવારી નોંધાવી શકશે. આ બાબતે દસ્તાવેજ ચકાસણી સમયે સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ **N.O.C.** રજુ કરવાનું રહેશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.
6. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સબંધિત જે તે કેટેગરી (GENERAL, EWS, SC, ST, SEBC) સામે સરભર કરવામાં આવશે.
7. માજી સૈનિક ઉમેદવારોની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય માજી સૈનિક ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તેની જગ્યા જે તે કેટેગરીના અન્ય ઉમેદવારોને ફાળવી નિમણુંક આપી શકાશે.

**P. મહિલા ઉમેદવાર:-**

1 મહિલા ઉમેદવારોએ અરજીપત્રકમાં પિતાના નામને બદલે પતિનું નામ દર્શાવેલ હશે તો તે અંગેનું મેરેજ સર્ટીફીકેટ (લગ્ન નોંધણી પ્રમાણપત્ર) / સોગંદનામું (નોટરી કરાવી) / ગેઝેટ રૂબરૂ દસ્તાવેજ ચકાસણીના સમયે રજુ કરવાનું રહેશે.

2 મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તેની જગ્યા જે તે કક્ષાના પુરૂષ ઉમેદવારોને ફાળવી નિમણુંક આપી શકાશે.

**Q. વિધવા ઉમેદવાર:-**

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૯૬-૨૨૧૩-ગ-૨માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે ભરતીના તમામ તબક્કે એટલે કે ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) લેખિત પરીક્ષામાં મેળવેલ માર્ક્સના ૫% ગુણ તેમજ ડ્રાઇવીંગ

ટેસ્ટમાં પાસ થવા માટે મીનીમમ માર્ક્સ મેળવી ઉત્તિર્ણ જાહેર થયેલ ઉમેદવારોએ મેળવેલ માર્ક્સના ૫% ગુણ ઉમેરી પસંદગીમાં અગ્રીમતા આપવામાં આવશે પરંતુ તેઓએ નિમણુંક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોવા જોઇએ, ઉપરાંત નિગમ માંગે ત્યારે તેના તમામ પુરાવા નિગમને અસલમાં રજુ કરવાના રહેશે.

વિધવા મહિલા ઉમેદવારે વિધવા હોવાનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર,પતિનાં મરણનો દાખલો પુનઃલગ્ન કરેલ નથી તે મુજબનું એફિડેવીટ દસ્તાવેજ ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. જો દસ્તાવેજ ચકાસણી સમયે આવા પ્રમાણપત્રો રજુ નહી કરે તો ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) લેખિત પરીક્ષામાં મેળવેલ માર્ક્સના ૫% ગુણ તેમજ ડ્રાઇવીંગ ટેસ્ટમાં ઉતીર્ણ થવા માટે મેળવેલ માર્ક્સના ૫% ગુણ મળવાપાત્ર થશે નહિ.

**R. <u>રમતવીર ઉમેદવાર (માન્ય રમત-ગમતના વધારાના ગુણ મેળવવા માટેની લાયકાત):-</u>**

1. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧/૦૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૩/ ૨૪૨૭૯૨/ગ.૨ થી ઠરાવેલ જોગવાઈ અનુસાર એથ્લેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબૉલ, ક્રિકેટ, ફૂટબૉલ, હોકી, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વૉલીબૉલ, ટેનિસ, વેઇટલિફટિંગ, રેસલિંગ, બોક્સિંગ, સાઇકલિંગ, જિમ્નેસ્ટિક્સ, જૂડો, રાઇફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકૂદમાં (i) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (ii) આંતર યુનિવર્સિટી અથવા (iii) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલું હોય, તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને OMR લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉક્ત ત્રણ પૈકીની કોઇ એક સ્પર્ધામાં ઉમેદવારોએ ભાગ લીધેલો હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉકત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલો હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી, તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહી. ઉક્ત ત્રણ સ્તર પૈકીની કોઈ એક સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલા ઉમેદવારોએ સરકારશ્રીના તા.૨૫/૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલું જરૂરી પ્રમાણપત્ર દસ્તાવેજ ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. આવા પ્રમાણપત્રની સક્ષમ અધિકારીશ્રી દ્વારા ખરાઈ થયા બાદ માન્ય માલુમ પડયેથી જ ઉમેદવાર રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે.
2. જો દસ્તાવેજ ચકાસણી સમયે ઉમેદવાર ઉક્ત ત્રણ સ્તર પૈકીની કોઈ એક સ્તરની સ્પર્ધા અંગેનું માન્ય પ્રમાણપત્ર ઉમેદવાર રજુ નહી કરે તો ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) લેખિત પરીક્ષામાં મેળવેલ માર્ક્સના ૫% ગુણ મળવાપાત્ર થશે નહિ.
3. સરકારશ્રી દ્વારા નિયમિત ભરતીમાં છૂટછાટ મુકીને વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ પર રમતવીરોને પસંદગી આપવા બાબતના વખતો-વખતના સુધારા ઠરાવોની જોગવાઈઓ લાગુ પડશે.

**S. <u>ના વાંધા પ્રમાણપત્ર (N.O.C)</u>:-**

ગુજરાત સરકારશ્રીના સરકારી / અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ નિગમની જાહેરાતના સંદર્ભમાં ઓનલાઈન અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ / ખાતા / કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે તથા **"ના વાંધા પ્રમાણપત્ર"** મેળવવાનું રહેશે. ડ્રાઈવીંગ ટેસ્ટના સમયે નમૂનાં મુજબનું **<u>"ના વાંધા પ્રમાણપત્ર"</u>** રજુ કરવાનું રહેશે.નમૂનો નીચે મુજબ છે.

**<u>ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો</u>**

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી ..............................................., હોદ્દો...............................................આ ...............................................ખાતામાં તા. ........................થી સતત જગ્યા પર કામ કરે છે.

૧. એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે જ્યારે તેઓની સરકારમાં પ્રથમ નિમણૂક કરવામાં આવી હતી ત્યારે તેઓએ જે જગ્યા માટે અરજી કરી છે તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ ઉપલી વયમર્યાદાની અંદર હતા અને તેઓની નિમણૂક માન્ય પદ્ધતિ દ્વારા હંગામી/કાયમી રીતે કરવામાં આવી છે.

૨. જગ્યાનું નામ : ...................................................................... (વર્ગ - ............... જે જગ્યા માટે શ્રી/શ્રીમતિ .......................................................... એ અરજી કરી છે તે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વિચારણામાં લેવામાં આવે તો આ ખાતાને હરકત સરખું નથી.

( )

નામ

હોદ્દો

સ્થળ : ખાતાના વડા / અધિકૃત અધિકારીની સહી તથા સિક્કો

તારીખ :

પ્રતિ,

શ્રી ..................................

........................................

....................................

**T. <u>સંયુકત પરીક્ષા અંગેની ઓનલાઈન પ્રોસેસ ફી :-</u>**

ઓનલાઈન અરજીપત્રક ભરતી સમયે બિનઅનામત (GENERAL), આર્થિક રીતે નબળા વર્ગ (EWS), સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), અનુ.જાતિ (SC), અનુ.જનજાતિ (ST), માજી સૈનિક (Ex. ARMY) તથા દિવ્યાંગ (PH) કેટેગરીના તમામ પુરુષ / મહિલા ઉમેદવારોએ નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની સંયુકત પરીક્ષા અંગેની ઓનલાઈન પ્રોસેસ ફી https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર ફરજીયાત ભરવાની રહેશે. **<u>જે ઉમેદવાર દ્વારા એક કરતા વધુ અરજીપત્રકો ભરેલ હશે તેવા કિસ્સામાં ઉમેદવારનું અંતિમ અરજીપત્રક ધ્યાને લેવામાં આવશે અને તે અંતિમ અરજીપત્રકમાં ફી ભરેલ હશે તો જ તે અરજીપત્રક માન્ય રાખવામાં આવશે એટલે કે જો ઉમેદવાર દ્વારા ભરેલ અંતિમ અરજીપત્રકમાં ફી ભરેલ નહિ હોય તો તે અરજીપત્રક તેમજ તે અગાઉના ભરેલ અરજીપત્રકો પણ ધ્યાને લેવામાં આવશે નહિ.</u>**

| બિન અનામત વર્ગ | અનામત વર્ગ<br>(તમામ કેટેગરીની મહિલા, સા.શૈ.પ.વર્ગ, અનુ.જાતિ., અનુ.જન.જાતિ., આર્થિક રીતે નબળા વર્ગ અને માજી સૈનિક ઉમેદવારો) |
|---|---|
| રૂ. ૩૦૦/- + જી.એસ.ટી. | રૂ. ૨૦૦/- + જી.એસ.ટી. |

**U. <u>ડ્રાઇવીંગ ટેસ્ટ અંગેની સુચનાઓ</u> :-**

1. ડ્રાયવર કક્ષા માટે ૫૦ માર્કસનો ડ્રાઇવીંગ ટેસ્ટ લેવામાં આવશે અને સદર ટેસ્ટમાં પાસ થવા માટે ઓછામાં ઓછા ૩૫ માર્કસ મેળવવાના રહેશે. ૩૫ ગુણથી ઓછા ગુણ મેળવનારને નાપાસ જાહેર કરવામાં આવશે.
2. ઉમેદવારને ડ્રાઈવીંગ ટેસ્ટ માટે જે તારીખે બોલાવવામાં આવેલ હોય તે જ તારીખે ઉમેદવારે ડ્રાઈવીંગ ટેસ્ટ માટે હાજર રહી ટેસ્ટ આપવાનો રહેશે, કોઈપણ સંજોગોમાં અન્ય તારીખે ટેસ્ટ આપવાની વિનંતી સ્વીકારવામાં આવશે નહી.
3. ડ્રાઈવીંગ ટેસ્ટ સમયે અસલ વેલીડ લાયસન્સ નહીં હોય તો ડ્રાઈવીંગ ટેસ્ટ લેવામાં આવશે નહી. લાયસન્સ રીન્યુ કરવા આપેલ હશે તો લાયસન્સ રીન્યુ માટે મેળવેલ ફી ની અસલ પહોંચ ડ્રાઈવીંગ ટેસ્ટના સમયે રજુ કરવાની રહેશે અન્યથા ડ્રાઈવીંગ ટેસ્ટ લેવામાં આવશે નહી અને અરજીપત્રક રદ કરવામાં આવશે.
4. ડ્રાઈવીંગ ટેસ્ટના સ્થળ પરનાં અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

**V. <u>ડ્રાઈવીંગ ટેસ્ટની કાર્યવાહી</u>:-**

1. ઉમેદવારની ઉંચાઈ માપન અન્વયે નિયત ઉંચાઈ ધરાવતા લાયક ઉમેદવારનો જ ડ્રાઈવીંગ ટેસ્ટ લેવામાં આવશે.
2. નિગમ ધ્વારા નિયત કરાયેલ વાહન ઉપર જ ઉમેદવારોએ જાતે પોતાનો ડ્રાઈવીંગ ટેસ્ટ આપવાનો રહેશે અને કોઈપણ સંજોગોમાં રી-ટેસ્ટ લેવામાં આવશે નહીં.
3. ડ્રાઈવીંગ ટેસ્ટ સમયે ઉમેદવાર ધ્વારા કોઈ પણ ગંભીર પ્રકારનું આચરણ, ગેરશિસ્ત કરે અથવા ઉમેદવારની કોઈ પણ શારીરિક કે માનસીક ક્ષતિ કે અસમર્થતાને કારણે ડ્રાઈવીંગ ટેસ્ટ આપવામાં કે અન્ય જોખમ રહેવા માટેનું કારણ જણાતું હોય ત્યારે સ્થળ પરના સક્ષમ અધિકારીને સબંધિત ઉમેદવારનું અરજી પત્રક રદ કરવા માટેનો હકક રક્ષિત રહેશે.

**W. <u>અન્ય અગત્યની સુચનાઓ</u>:-**

1. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી વેબસાઈટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.
2. **<u>ઓનલાઈન અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓ અને ઓનલાઈન અરજીપત્રક ભરવા બાબતની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતિ છે અને ત્યારબાદ જ ઓનલાઈન અરજી પત્રક ભરવું.</u>**
3. સંબંધિત જગ્યાઓની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમા ફેરફાર કરવાની અને આ જાહેરાતની સુચનાઓમાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાનો નિગમને સંપૂર્ણ અબાધિત હકક / અધિકાર રહેશે અને નિગમ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી તેમજ તેવા સંજોગોમાં ભરેલ કોઇપણ પ્રકારની ફી પરત મળવાપાત્ર થશે નહીં.
4. ઓનલાઈન અરજીપત્રકમાં ઉમેદવાર દ્વારા દર્શાવેલ વિગતો જેવી કે વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગત ખોટી દર્શાવેલ હશે તો તે માટે ઉમેદવાર પોતે જવાબદાર રહે છે.
5. આ કક્ષા માટે નિગમ દ્વારા અરજીપત્રક ઓનલાઈન ભરાવવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો ઉમેદવાર દ્વારા છુપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું નિગમને માલુમ પડશે તો તેવા ઉમેદવારની ઉમેદવારી રદ કરવાનો નિર્ણય નિગમ લેશે.

6. ઉમેદવારે પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે તેવું પ્રમાણપત્ર ઓનલાઈન આપવાનું રહેતુ હોઈ, જો કોઈ ખોટી વિગત રજુ કરશે તો તેનુ ફોર્મ રદ થવા પાત્ર બનશે અને આવા ઉમેદવાર સામે ધોરણસરની કાર્યવાહી કરવા નિગમ પાસે અબાધિત હકક રહેશે.

7. ઉમેદવાર જો ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, સરકારી કે અર્ધ સરકારી સંસ્થા, અન્ય બોર્ડ કે કોર્પોરેશનમાં નોકરી કરતા હોય તો તેની સ્પષ્ટ વિગતો અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે. અન્યથા પાછળથી આવી માહિતી માલુમ પડશે તો ઉમેદવાર પસંદ થયેલ હશે તો પણ તેઓની પસંદગી રદ કરવામાં આવશે.

8. વ્યક્તિગત માહિતી, લઘુત્તમ શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી નિગમ દ્વારા કરવામાં આવશે અને આ અંગે નિગમનો નિર્ણય જ અંતિમ રહેશે.

9. ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહીં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે નિગમની સેવા સારૂ તે ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય ન જણાય તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણૂંક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

10. આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગની જાહેરાતમાં દર્શાવેલ જોગવાઈ મુજબ પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

11. લઘુત્તમ શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ કેટેગરી (SC,ST,SEBC,EWS), માજી સૈનિક, સ્પોર્ટસ અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઈન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે.

12. ઓનલાઈન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ નિગમ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્ષ નકલો સહીત) રજુ કરવાના રહેશે એવા પુરાવા રજુ નહીં કરી શકનાર ઉમેદવારનું અરજીપત્રક જે – તે તબક્કેથી "રદ" ગણવામાં આવશે.

13. ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો અને તે મોબાઈલ નંબર બદલવો નહીં.

14. ઉમેદવાર પોતે લેખિત પરીક્ષા / ડ્રાયવીંગ ટેસ્ટમાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે નિગમ માટે ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

15. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ કોઇપણ વિગત અસલ પ્રમાણપત્રો, ફોટોગ્રાફ સહિતની ખોટી એટલે કે, બોગસ / જુદી / અલગ બતાવેલ / છુપાવેલ હશે તો તેનું ઉમેદવારીપત્રક કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેને લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે અથવા નિમણૂંક આપી દીધેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે અને આવા ઉમેદવાર સામે ધોરણસરની કાર્યવાહી કરવા નિગમ પાસે અબાધિત હકક રહેશે.

16. નામદાર કોર્ટ / પોલીસ ઓથોરીટી સમક્ષ ઉમેદવાર સામે નિમણુંક આપતા સમયે કોઈ ગુન્હો / કેસ પડતર હશે તેમજ ઉમેદવાર સામેના ગુન્હો / કેસ સંબધે નામદાર કોર્ટ દ્વારા કરેલ સજાનો નિકાલ નિમણુંક આપતા સમયે થયેલ ન હોય તો તેવા ઉમેદવારોના અરજીપત્રક રદ્દ કરવામાં આવશે. જો આવા ઉમેદવાર ધ્વારા આવી માહિતી છુપાવીને પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે તેમજ આવા ગુન્હો / કેસ અન્વયે તેઓ નિમણુંક મેળવ્યા બાદમાં નિર્દોષ પુરવાર થાય તો પણ તેઓ નિમણુંક માટે દાવો કરી શકશે નહીં.

17. નિગમ ધ્વારા યોજેલ આ ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાપાત્ર થશે.

18. ઉમેદવારના નામમાં ભાઈ કે બહેન હશે અને ફોટોગ્રાફ સ્પષ્ટ રીતે તેઓના જેન્ડર મુજબ જણાતો નહી હોય અથવા ફોટોગ્રાફ અસ્પષ્ટ હશે તો અરજદારનું અરજીપત્રક રદ કરવામાં આવશે.

19. સીધી ભરતીની જાહેરાતમાં દર્શાવેલ અનામત / બિનઅનામત જગ્યાઓની ૨૦%ની મર્યાદામાં કેટેગરીવાઈઝ પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે તેમજ પ્રતિક્ષાયાદી (વેઇટીંગ લીસ્ટ) પ્રસિધ્ધ થયા તારીખથી બે વર્ષ અથવા આ કક્ષાની ભરતી પ્રકીયા માટે હવે પછીની પહેલી જાહેરાતની પરિક્ષાનું પરિણામ જાહેર થાય તે પૈકી જે વહેલું હોય તેના આગળના દિવસ સુધી (કચેરી સમય સુધી જ) અમલમાં રહેશે. આ સમય મર્યાદા પુરી થતાં પ્રતિક્ષાયાદી આપોઆપ રદ થયેલ ગણાશે. પ્રતિક્ષાયાદી રાખવાની ટકાવારીમાં જરુર જણાય તો ફેરફાર કરવાનો નિગમને અબાધીત હક્ક રહેશે.

20. કોર્ટ સમક્ષ કોઈ પડતર વિવાદ, મનાઈ હુકમ, ચુંટણીની આચારસંહિતાનો અમલ કે બીજા અનિવાર્ય વહીવટી કારણોસર પસંદગીયાદી પરના ઉમેદવારને નિમણુંક આપવામાં જો છ માસ કરતા વધુ સમય જાય તો તેવા સંજોગોમાં પસંદગીયાદી પરના છેલ્લા ક્રમાંકના ઉમેદવારનો નિમણુંક હુકમ જે તારીખે કરવામાં આવે તે તારીખથી

દોઢ વર્ષ અથવા તો તે પછીની પરીક્ષાનું પરિણામ જાહેર થાય તે પૈકી જે વહેલું હોય તેના આગળના દિવસ સુધી (કચેરી સમય સુધી જ) પ્રતિક્ષાયાદી (વેઇટીંગ લીસ્ટ) અમલમાં રહેશે.

21. નિગમને જરૂર જણાયેથી પ્રોવિઝનલ પસંદગીયાદી / પ્રતિક્ષાયાદીનાં આધારે નિમણૂકની કાર્યવાહી હાથ ધરી શકશે, પ્રોવિઝનલ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારની પસંદગી બાબતે નિગમની જોગવાઈ મુજબ સુસંગત ન જણાયેથી તેઓને નિમણૂંક આપી દીધી હશે તો પણ રદ થઇ શકશે.
22. **સમગ્ર ભરતી પ્રક્રીયા પૂર્ણ ન થાય ત્યાં સુધી ભરતી સંબંધી કોઈપણ પ્રકારની માહીતી માંગતી આર.ટી.આઈ. એક્ટ હેઠળની કોઈપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.**
23. આ જાહેરાત માટે ન્યાયીક ક્ષેત્ર અમદાવાદ રહેશે.

**મુખ્ય મહેકમ અધિકારી,**
**વહીવટી ખાતું,**
**ગુ.રા.મા.વા.વ્ય.નિગમ મધ્યસ્થ કચેરી,**
**રાણીપ બસ સ્ટેશન પાસે,રાણીપ અમદાવાદ.**

⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘

**અરજી કરવાની રીત :-**

આ જાહેરાતના સંદર્ભમાં નિગમ ધ્વારા ઓનલાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. તમો આ જાહેરાતમાં દર્શાવેલ સમયગાળા દરમ્યાન https://ojas.gujarat.gov.in પર અરજીપત્રક ભરી શકશો. તમોએ (૧) સૌ પ્રથમ https://ojas.gujarat. gov.in પર જવુ હવે (૨) "Apply Online Click કરવુ. (૩) ડ્રાયવર કક્ષા પર click કરવાથી તે જગ્યાની વિગતો / અન્ય માહિતી મળશે. (૪) તેની નીચે Apply Now પર click કરવાથી Application ના Format ખુલશે જેમાં સૌ પ્રથમ Personal Details તમોએ ભરવી. **(અહિં લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે.)** (૫) Personal Details ભરાયા બાદ Minimum Educational Details ભરવા માટે Educational Qualification પર Click કરવું. (૬) અનુભવની વિગતમાં એચ.જી.વી. / એચ.પી.વી. ઇસ્યુ થયા તારીખથી જ અનુભવ દર્શાવવાનો રહેશે. તે પહેલાનો દર્શાવેલ અનુભવ ગણતરીમાં લેવામાં આવશે નહિ. (બ્રેકનો સમય અનુભવની ગણતરીમાં ધ્યાને લેવામાં આવશે નહિ) (૭) કોમ્પ્યુટરની જાણકારી માટેની લાયકાત ભરવા માટે Computer knowledge ઉપર Click કરીને તેની વિગતો ભરવી. (૮) તેની નીચે Self declaration પર Click કરો ત્યાર બાદ (૯) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર Click કરવું. હવે અરજી પુર્ણ રીતે ભરાઇ ગયેલ છે. (૧૦) હવે Save પર Click કરવાથી તમારી અરજીનો Online સ્વીકાર થશે. (૧૧) અરજી કર્યા બાદ તમારો Application Number Generate થશે. જે તમારે સાચવીને રાખવાનો રહેશે. (૧૨) હવે Upload Photograph પર Click કરો. અહી તમારો Application Number type કરો અને તમારી Birth date type કરો ત્યાર બાદ OK પર Click કરો. અહિં Photo અને Signature Upload કરવાના છે. (Photoનું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signatureનું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) (Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature jpg format માં (10 KB સાઇઝથી વધારે નહિ તે રીતે) computer માં હોવા જોઇએ.) "Browse" button પર click કરો હવે Choose file ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને select કરો અને "open" button ને click કરો. હવે તમારો photo દેખાશે. હવે આ જ રીતે signature પણ upload કરવાની રહેશે. (૧૩) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને Application number તથા birth date ટાઇપ કર્યા બાદ ok પર કિલક કરવાથી ૨ બટન (૧) Show application preview અને (૨) Confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit કરી લેવુ. જો અરજી સુધારવાની જરુર ન જણાય તો confirm application પર click કરો તેથી તમારી અરજીનો નિગમમાં online સ્વીકાર થઇ જશે. **(અરજી Confirm કરવી ફરજીયાત છે.)** અહિં **"confirmation number"** generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ તમારે સાચવવાનો રહેશે. (૧૪) હવે અનામત અને બિનઅનામત કેટેગરીના તમામ ઉમેદવારોએ (માજી સૈનિક ઉમેદવાર સહિત) "Online Payment of Fees" પર click કરવું. તમે કરેલ અરજીની જાહેરાત પસંદ કર્યા બાદ તમારો **"confirmation number"** type કરીને જન્મ તારીખ નાખી સંયુકત પરીક્ષા અંગેની ઓનલાઈન પ્રોસેસ ફી "Online Payment Gateway" મારફત ભરવાની રહેશે. (૧૫) હવે print application પર click કરવું. તમે કરેલ અરજીની જાહેરાત પસંદ કર્યા બાદ તમારો **"confirmation number"** type કરીને જન્મ તારીખ નાંખવાથી print બટન મળશે print બટન પર click કરી અરજીની પ્રિન્ટ કાઢી સાચવી રાખવી.

⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘